# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૫-A  તા.૧૩-૮-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- 'મિશન વિદ્યા' અંતર્ગત શાળાઓ માટેની સૂચનાઓ**

**સંદર્ભ :-  ક્રમાંક :જીસીઈઆરટી/મિશન વિદ્યા/૨૦૧૮/૧૮૫૫૫-૧૮૬૦૦ તા.૧૦-૮-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ અને માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. દ્વારા આ સાથેના બિડાણ મુજબ **'મિશન વિદ્યા અંતર્ગત શાળાઓ માટેની સૂચનાઓ'** આપવામાં આવેલ છે. જેનો ચૂસ્ત અમલ કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ : સંદર્ભિત પત્ર**

તા.૧૩-૮-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃ જીસીઇઆરટી/મિશનવિદ્યા/2018/ 18555 – 18600
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવન,
સેક્ટર-12, ગાંધીનગર.
ફોનઃ (079) 23256808-39
ફેક્સઃ (079)23256812
ઇ-મેઇલઃ gcert12@gmail.com
Web : www.gcert.gujarat.gov.in
તા. 10-8-18

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
- શાસનાધિકારીશ્રી, તમામ.

**વિષયઃ મિશન વિદ્યા અંતર્ગત શાળાઓ માટેની સુચનાઓ બાબત...**

સંદર્ભઃ (1) શિક્ષણ વિભાગનો તા.૧૯-૭-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક જશભ/૧૨૧૮/સિં.ફા.-૩૧/ન,
(2) તા. 07-08-2018નો રોજ યોજાયેલ ટેલીકોન્ફરન્સના મુદ્દા,
(3) માન. સચિવશ્રી (પ્રા.મા.શિક્ષણ) દ્વારા જિલ્લા મુલાકાત દરમિયાન અપાયેલ સુચનાઓ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ મિશન વિદ્યા અંતર્ગત આ અગાઉ શિક્ષકો માટે ટેલીકોન્ફરન્સ દ્વારા તાલીમ આપવામાં આવી છે. ત્યારબાદ તા. ૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૧૮ દરમિયાન રાજ્ય કક્ષાએથી જુદા જુદા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શાળા મુલાકાત લેવામાં આવેલી.

આ શાળા મુલાકાત દરમિયાન ધ્યાનમાં આવેલ છે કે મિશન વિદ્યા અંતર્ગત બાળકોને વાચન, લેખન અને ગણન શીખવવા માટે શિક્ષકો ખૂબ જ મહેનત કરી રહ્યા છે. મોટાભાગની શાળાઓમાં રાજ્ય કક્ષાએથી નિયત થયેલ સમયપત્રક મુજબ કામ થઇ રહ્યું છે એ બદલ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન.

માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દ્વારા કરવામાં આવેલ જિલ્લા અધિકારીઓ સાથે થયેલ ચર્ચા તથા શાળા મુલાકાત બાદ કેટલીક સુધારાત્મક બાબતો જણાવવામાં આવેલ છે, જેમ કે;

- **મિશન વિદ્યા અંતર્ગત કોઈ પણ તબક્કે ખોટી માહિતી આપવાની નથી. બાળકોની શૈક્ષણિક સિદ્ધિ જેવી હોય તેવી જ માહિતી આપવાની છે.**
- મિશન વિદ્યા પછી પણ કોઈક શાળામાં 0 થી 5 ગુણ મેળવનાર બાળકો હશે. આપણા આટલા પ્રયાસ પછી પણ અપેક્ષિત સિદ્ધિસ્તર સુધી ન પહોંચી શકેલાં આવાં બાળકો માટે આપણે અલગથી શૈક્ષણિક આયોજન કરવાનું થશે. આવાં બાળકોની ઓછી સિદ્ધિ માટેનાં વિગતવાર કારણો જાણવાં પડશે અને એના ઉપાયો અજમાવવા પડશે.

- પ્રિય બાળકોને ક્યારેય બધા વચ્ચે ઉતારી ન પાડશો. તેમનું સમ્માન સંપૂર્ણ જળવાય તે આપણી જવાબદારી છે. દરેક પ્રિય બાળકને વ્યક્તિગત રીતે શીખવીશું તો જ વધુ સારું પરિણામ મળશે.

**સી.આર.સી. કૉ. માટે –**

- સી.આર.સી.કૉ. એ શાળા અને જિલ્લા શિક્ષણ તંત્ર વચ્ચેની મહત્ત્વપૂર્ણ કડી છે. આથી, તેમણે ક્લસ્ટરની તમામ શાળાઓની મુલાકાત લેવી.
- ક્લસ્ટરની શાળાઓમાંથી પ્રાપ્ત પ્રિય બાળકોની ધોરણવાર નામજોગ યાદી તૈયાર કરવાની રહેશે. આ માટે તમામ સી.આર.સી. કૉ. દ્વારા એક રજીસ્ટર કે નોટબુક તૈયાર કરવી. જેના એક પાન પર એક પ્રિય બાળકનું નામ, ધોરણ, તેની પ્રગતિ તેમજ તેને પડતી મુશ્કેલીઓ અને શિક્ષક દ્વારા કરવામાં આવેલ નિદાનની વિગત સતત અપડેટ કરવી.
- આ મિશન દરમિયાન, સી.આર.સી. કૉ. દ્વારા ઉપચારાત્મક દરમિયાનગીરી કરવી પડશે. આ માટે, સી.આર.સી.કૉ. એ પહેલાં પ્રિય બાળકોની સંખ્યા (Numbers), પ્રિય બાળકોના નામ (Name), બાળકોનું વાચન, લેખન, ગણનમાં પરિણામ (Result), શિક્ષક દ્વારા થયેલ નિદાન કે મુશ્કેલીઓ (Diagnosis) અને બાળકોને પડતી મુશ્કેલીઓનો ઉપાય કે ઉપચાર (Solution) તરફ જવું પડશે.
- જે બાળકોને મિશન વિદ્યા દરમિયાન કે બાદ પણ જરૂરી સુધારો જોવા નથી મળતો, તે માટેના કારણોની જાણકારી મેળવવી. શક્ય હોય તો કેઇસ સ્ટડી તૈયાર કરો.
- બાળકો સાથે ઉપચારાત્મક કાર્ય કરતી વખતે તેને શાની જરૂર છે અથવા કયા મુદ્દાએથી કાચો પડે છે તે જાણીને, તે મુદ્દાએથી જ ઉપચાર શરૂ કરવો, પહેલાં મુદ્દાથી જ શરૂઆત કરાવવાની જરૂર નથી.
- ગુણવત્તા માટે સકારાત્મક વાતાવરણ ઉભું કરો. જરૂર પડે તો ગામમાંથી અન્ય લોકોની પણ મદદ લેવી.

**રાજ્યકક્ષાએથી થયેલ શાળા મુલાકાત દરમિયાન ધ્યાનમાં આવેલ કેટલીક સુધારાત્મક બાબતોનો અમલ નીચે દર્શાવ્યા અનુસાર કરવાનો રહેશે:**

- મિશન વિદ્યા દરમિયાન ધોરણ 1 અને 2 માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું નથી.
- શાળા દ્વારા www.gunotsav.org પર મિશન વિદ્યા અંતર્ગત ધોરણવાર વાચન-લેખન-ગણનમાં કરવામાં આવેલ ડેટા એન્ટ્રી અનુસાર દર્શાવવામાં આવેલ પ્રિય બાળકો (0 થી 5 ગુણ ધરાવતા) પર જ હવે ઉપચારાત્મક કાર્ય કરવાનું રહેશે.
- કેટલીક શાળાઓમાં આખો દિવસ વાચન-લેખન-ગણનનું જ કાર્ય કરાવવામાં આવે છે, જે યોગ્ય નથી. સંદર્ભ દર્શિત ઠરાવ મુજબ શાળા સમય પહેલાં એક કલાક અને શાળા સમય દરમિયાન બે કલાક મિશન વિદ્યા અંતર્ગત વાચન, લેખન, ગણન કરાવવાનું છે. બાકીના સમયમાં જે તે ધોરણ-વિષયના નિયત અભ્યાસક્રમ મુજબ શિક્ષણકાર્ય કરાવવાનું છે.

- મિશન દરમિયાન પ્રિય બાળકોને વાચન-લેખન-ગણન શીખવીએ ત્યારે બાકીનાં બાળકોને તેમના અભ્યાસક્રમ આધારિત સ્વ-અધ્યયનકાર્ય આપવું અથવા વાચન અર્થગ્રહણ અને સમજ-ઉપયોજન-કૌશલ્યોને લગતાં પ્રશ્નોનો મહાવરો કરાવવો.
- ધોરણ ૬ થી ૮ ના વર્ગશિક્ષક દ્વારા જ પોતાના વર્ગનાં પ્રિય બાળકોને વાચન-લેખન-ગણન શીખવવાનું છે.
- કેટલીક શાળાઓમાં પ્રિય બાળકોના ઉપચારાત્મક કાર્યમાં વર્ગનાં હોંશિયાર બાળકોની મદદ લેવામાં આવે છે. પીઅર ગ્રુપ લર્નિંગનો અર્થ એવો છે કે એક બાળકને શીખવામાં અન્ય બાળક મદદ કરે. પ્રિય બાળકને મૂળાક્ષર ઓળખાવવાનું કે ગણનની વિવિધ સંકલ્પનાઓ શીખવવાનું કામ શિક્ષક દ્વારા જ થાય તે અપેક્ષિત છે.
- કેટલીક શાળાઓમાં હજુ પણ બિનઅધિકૃત સાહિત્ય વાપરવામાં આવે છે. પાઠ્યપુસ્તક અને તાલીમ મોડ્યુલ્સ વગેરે સામગ્રી જ વાપરવી. આ માટે, દરેક શિક્ષકે વાચન-લેખન-ગણનના વર્ષ ૨૦૧૬-૧૭ના મોડ્યુલનો ઉપયોગ કરવો.
- જે બાળકોને આવડતું જ હોય તેનું જ વારંવાર પુનરાવર્તન કરાવી જેને નથી આવડતું તેને શીખવવાના સમયનો વ્યય ન કરીએ, તેઓને વ્યક્તિગત રીતે શીખવીએ.
- વાચન દરમિયાન હસ્તલિખિત નહીં, મુદ્રિત સામગ્રીનો ઉપયોગ કરવો. લેખન દરમિયાન અનુલેખન નહીં પણ, શ્રુતલેખન કરાવવું. વ્યવસ્થિત રીતે પ્રત્યેક બાળકનું શ્રુતલેખન તપાસીને, બાળક જ્યાં ભૂલ કરતુ હોય તે ભૂલ અંગે સમજ આપવી. દરરોજ એટલું જ શ્રુતલેખન કરાવવું જેટલું શિક્ષક ચકાસી –સુધારી શકે.
- ગણનમાં ગુણોત્સવની ફ્રેમનો ઉપયોગ નિદાન માટે કરવાનો છે, ફક્ત મહાવરાના પુનરાવર્તન માટે નહીં. કેટલીક શાળાઓમાં જોવા મળ્યું છે કે દરરોજ ગણન અંતર્ગત એક કલાક દરમિયાન પાંચે પાંચ પ્રશ્નો લખાવાય છે. પરિણામે બાળકોની ગણનની કચાશ દૂર કરવા સમય ઓછો પડે.
- મિશન વિદ્યાના અંતમાં થનાર બાહ્ય મૂલ્યાંકન અંતર્ગત વાચનમાં બાળક સાચું વાંચે છે, યોગ્ય ઝડપ અને આરોહ અવરોહ સાથે વાંચે છે કે કેમ એ પણ જોવાશે. આથી, બાળકોને અત્યારથી જ મુખર વાચનનો પૂરતો મહાવરો કરાવી ભૂલ કરે ત્યાં સુધારીએ. બાકીનાં પ્રિય બાળકોને પણ મુખર વાચનનો વારંવાર મહાવરો કરાવીએ.

મિશન વિદ્યા અંતર્ગત ધોરણ ૬ થી ૮ ના શિક્ષકો સખત મહેનત કરી રહ્યા છે, આ સખત મહેનતનું વધુ સારું પરિણામ મળે એ માટે સ્માર્ટ વર્ક કરવું જરૂરી છે. વર્ગના ઉપરોક્ત સૂચનોના અમલ દ્વારા સૌ શિક્ષકો હાર્ડ વર્કની સાથે સાથે સ્માર્ટ વર્ક કરે એવી શુભેચ્છાઓ..!!

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર.

નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૫-B તા.૧૩-૮-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- વાલી સંમેલનનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- તા.૦૯/૦૮/૧૮ ના એસપીઓ કચેરીના પત્ર ક્રમાંક નં. એસએસએ/ એમએન્ડડી/ ૨૦૧૮/ ૨૭૨૬૫ -૩૦૧ અન્વયે.

આથી તમામ મ્યુનિસિપલ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, સને ૨૦૧૮-૧૯ ના GOG Budget END-10 અન્વયે ગુજરાત સરકારે ૨(બે) વાલી સંમેલનનું આયોજન કરવાની તથા તેના ડોકયુમેન્ટેશન કરવાની જોગવાઈ કરેલ છે. આ સંદર્ભમાં સત્વરે વાલી સંમેલન શાળા કક્ષાએ કરવાના થાય છે. સમાજ જાગૃતિ તથા જનજાગૃતિના સંદર્ભમાં નાગરિકો, કેળવણીકારો અને શાળામાં ભણતા બાળકોના વાલીઓ જેટલા જાગૃત હશે, શાળાના વિકાસમાં જેટલો રસ લેતાં હશે, તેટલી શાળા જીવંત તથા સમૃધ્ધ બનશે. ઉપરાંત તમામ બાળકોને શાળામાં શિક્ષણ માટે નિયમિત મોકલશે અને ગુણવત્તાયુકત શિક્ષણની અનિવાર્યતા સમજશે. પરિણામે શાળા દ્વારા સારા નાગરિકોનું ઘડતર થશે. ઘર એ પણ એક શાળા છે. જો વાલી જાગૃત હશે તો ઘરે બાળકોને સારા સંસ્કારોનું સિંચન કરશે. આ બધા હેતુઓથી વાલી સંમેલનનું મહત્વ વધી જાય છે.

**વાલી સંમેલનના એજન્ડા :-**

- શાળામાં શિક્ષણ પર વિચારણા અને ચિંતન
- શાળા સ્વચ્છતા ટોયલેટ, સ્વચ્છ ખોરાક તેમજ ચોખ્ખું પાણી અંગે ચર્ચા.
- બાળકોના પ્રવેશ, નિયમિતતા અને શિક્ષણની ગુણવત્તા.
- સંપૂર્ણ શાળા વિકાસ યોજના (Whole School Devlopment Plan) પર વિચારણા અને ચિંતન
- ૬ થી ૧૪ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોના પ્રવેશ અને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામના આયોજન બાબત.
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોની માહિતી, સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા તેના ઉપયોગની જાણકારી.
- ટ્રાન્સપોર્ટ તથા એસ્કોર્ટની સગવડતાનું યોગ્ય આયોજન.
- ડ્રોપ આઉટ બાળકો માટે વિચારણા
- કન્યા શિક્ષાણ માટે ચિંતન.
- સાંસ્કૃતિક પ્રવૃતિઓ, રમત-ગમતના કાર્યક્રમો બાબતે વિચારણા
- વૃક્ષારોપણ, જળસંચય, ગ્રીનસ્કુલ, સ્માર્ટ સ્કુલ, કમ્પ્યુટર લેબના યોગ્ય ઉપયોગ માટે વિચારણા.

**કોને બોલાવશો :-**

શાળામાં ભણતા બાળકોના વાલીઓ, એસએમસીના સભ્યશ્રીઓ, જે તે વિસ્તારના વડીલ વ્યકિતઓ, ગામના રોલ મોડેલ સમાન વ્યકિતઓ, ગામ પ્રેરક અને કર્મઠ વ્યકિતત્વ ધરાવતા વ્યકિતઓ, ગામના કેળવણીકારો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પ્રથમ સત્રમાં ૧૫ મી ઓગષ્ટના સ્વતંત્રય દિન નિમિત્તે એસએમસી કક્ષાએ વાલી સંમેલનની ઉજવણી કરવાની રહેશે. બીજા સત્રના વાલી સંમેલનમાં ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૯ પ્રજાસત્તાક દિન નિમિત્તે એસએમસી કક્ષાએ " **દીકરીની સલામ દેશને નામ**" કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે પોકેટ એરીયામાં જેટલી દિકરીઓનો જન્મ થયો હોય તેટલી દીકરીઓ અને તેમના માતા-પિતાને અને પોકેટ એરીયામાં સૌથી વધારે દીકરી ભણેલ હોય અને હાલ અમદાવાદ શહેરમાં રહેતી હોય તેવી દિકરીઓ અને તેમના માતા-પિતાને શાળા વ્યવસ્થાપન સમિતિ ધ્વારા ૧૦ (દસ) દિવસ પહેલા આમંત્રણ આપવું. ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૯ ના દિવસે શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન કરવું અને તેમને સ્મૃતિ ચિન્હ આપવું અને સૌથી વધુ ભણેલી દિકરીને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું. જેમાં CWSN દીકરી જો હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.

**<u>એસ.એમ.સી. કક્ષાએ ફાઇવવા પાત્ર ખર્ચની જોગવાઇ :-</u>**

- સદર વાલી સંમેલન માટે એક સત્રના સંમેલનના સરભરા ખર્ચ તરીકે રૂા.૨૦૦/- અને ડોકયુમેન્ટેશનના રૂા.૧૦૦/- મંજુર થયેલ છે. જેથી બે સત્રના કુલ-રૂા.૬૦૦/- શાળા દીઠ ખર્ચ કરવાનો રહેશે.

**<u>વાલી સંમેલન સફળતાની શરતો :-</u>**

- વાલી સંમેલન સફળતાની શરતો માટે અસરકારક આયોજન તથા સી.આર.સી./યુ.આર.સી. દ્વારા મોનિટરીંગ કરવામાં આવશે.
- જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં સહીઓ લેવી તથા ડોકયુમેન્ટેશન કરવું.
- વાલી સંમેલનમાં જે સુચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ કરવું.
- વાલી સંમેલનનો સમય એવો રાખવો કે જેમા બધા હાજર રહી શકે.
- બન્ને વાલી સંમેલનના પત્રક તેમજ અહેવાલ શાળાના મુખ્ય શિક્ષકે સીઆરસી કો.ઓ. ને દિન-૨ માં મોકલી આપવાનો રહેશે. સી.આર.સી.કો.ઓ.એ શાળાનો એકંદરી અહેવાલ દિન-૨ માં યુ.આર.સી.કો.ઓ.ને મોકલી આપવાનો રહેશે. ત્યારબાદ યુ.આર.સી.કો.ઓ.એ સમગ્ર સી.આર.સી.ના એકંદરી અહેવાલ દિન-૨ માં કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

તા.૧૩-૮-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી